# 'GEN-Z Lingo' માં યંગ સુરતીઓનું Bingo!

તાજેતરમાં નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, ઇન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, પેરૂ, કેન્યા વિ. જેવા દેશોમાં આંદોલનો જોવા મળ્યા જેમાં એક ચોક્કસ ઉંમરના લોકો આગળ પડતા હતા જેને, Gen-Z (જનરેશન-Z અથવા તો જેન-ઝી) કહેવાય છે. આ Gen-Z એટલે કે 1997 થી લઇ 2012ની વચ્ચે જન્મેલા લોકો જેમની ઉંમર હાલ આશરે 13થી 28 વર્ષની વચ્ચે થાય. આ Gen-Zની પોતાની અનોખી આગવી લાઈફસ્ટાઈલ હોય છે. જેમાં એ લોકોની બોલવાની સ્ટાઈલ, ભાષા, વિચારસરણી, ફેશન-સેન્સ આખું અલગ જ તરી આવે છે. આ Gen-Zની પોતાની અલગ Gen-Z Lingo એટલે કે આખી અલગ ભાષા શૈલી છે જેનો તેઓ ડિજિટલી અને પરસ્પર વાત કરવામાં ઉપયોગ કરે છે. એના શબ્દોનો પોતાનો એક આગવો મતલબ હોય છે. તો આ સાથે આપણે સુરતના કેટલાંક Gen-Z ઉંમરના લોકોને તેમની જ 'લીંગો'ના અમુક શબ્દો પૂછી તેઓ આ અંગે કેટલા જાણકાર છે તે ચકાસ્વાનો પ્રયત્ન કર્યો છે. તો ચાલો જાણીએ આ યંગ સુરતીઓ Gen-Z લીંગોથી કેટલા અવેર છે.....








**વિધિ રંગુનવાલા**
14 વર્ષ, સ્ટુડન્ટ
શોખ : વાંચન, મ્યુઝિક



**તનિશ અગ્રવાલ**
22 વર્ષ, સ્ટુડન્ટ
શોખ : ટ્રાવેલિંગ, સ્પોર્ટ્સ, સર્ફિંગ



**વિહા નાણાવટી**
16 વર્ષ, સ્ટુડન્ટ
શોખ : રિડીંગ, સ્કેચિંગ



**કરણ નંદવાણી**
19 વર્ષ, આંત્રપ્રેન્યોર
શોખ : જિમીંગ, સ્પીચ આપવી



**અનન્યા શ્રીવાસ્તવ**
23 વર્ષ, MBA સ્ટુડન્ટ
શોખ : ટ્રાવેલિંગ, ટેનિસ

| Gen-Z શબ્દ | સાચો અર્થ | વિધિ રંગુનવાલા: આપેલો જવાબ | √/✗ | તનિશ અગ્રવાલ: આપેલો જવાબ | √/✗ | વિહા નાણાવટી: આપેલો જવાબ | √/✗ | કરણ નંદવાણી: આપેલો જવાબ | √/✗ | અનન્યા શ્રીવાસ્તવ: આપેલો જવાબ | √/✗ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sus | Suspicious | Suspicious | √ | Suspicious | √ | Suspicious | √ | Suspicious | √ | Suspicious | √ |
| Drip | Fashionable OutFit | About OutFit | √ | About OutFit | √ | Fashionable | √ | Fashionable | √ | Good Vibe | ✗ |
| Snack | Someone Attractive | Food | ✗ | Compliment | ✗ | Looks beatiful | √ | Attractive | √ | Looks Good | √ |
| Boujee | Luxurious | Luxurious | √ | High class | √ | Luxurious | √ | Don't Know | ✗ | High Class | √ |
| Pookie | Cute, Nickname | Cute | √ | Cutie | √ | Nickname | ✗ | Cutie | √ | Cutie | √ |
| Sigma | Confident, Alpha Male | With Aura | ✗ | Masculine | √ | Flaunting | √ | Lone Wolf | √ | Don't Know | ✗ |
| Skibidi | Meaningless Slang | Meaningless slangterm | √ | Don't Know | ✗ | Don't Know | ✗ | Dumb | ✗ | Don't Know | ✗ |
| **શબ્દનો અર્થ** | **Gen-Z શબ્દ** | | | | | | | | | | |
| Newbie, Beginner | Noob | Amateur | ✗ | Rookie | ✗ | Noob | √ | Noob | √ | Noob | √ |
| You Only Live Once | Yolo | Yolo | √ | Yolo | √ | Yolo | √ | Don't Know | ✗ | Yolo | √ |
| A Good song or Music Track | Bop | Don't Know | ✗ | Sick | ✗ | Don't Know | ✗ | Slag | ✗ | Dope | ✗ |
| **કુલ માર્ક્સ** | | 6/10 | | 6/10 | | 7/10 | | 6/10 | | 6/10 | |



## સુરતીઓ આનંદો ફરી ગણેશ ઉત્સવ જેવો જોવા મળશે માહોલ

# ગણેશજીની બર્થડે પર મુંબઈથી આવશે પ્રતિમાઓ, ભવ્ય હશે ડેકોરેશન

આ પણા સુરત સિટીમાં છેલ્લાં 7 વર્ષથી ગણેશ ઉત્સવની ધૂમ બે વખત જોવા મળે છે. ભાદરવામાં તો દસ દિવસનો ગણેશ ઉત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય જ છે. મહારાષ્ટ્રમાં જેમ માધી ગણેશ ઉત્સવ ઉજવાય છે તેમ સુરતમાં પણ માધી ગણેશ ઉત્સવનું આયોજન થવા લાગ્યું છે. મુંબઈથી ગણેશજીની પ્રતિમા લાવવામાં આવે છે. એક ગ્રુપ દ્વારા તો ઢોલ પથક અને DJ ની ધૂમ વચ્ચે ભવ્ય રીતે ગણેશ આગમન કરવાની તૈયારીઓ ચાલી રહી છે. માધી ગણેશ ચતુર્થી ભગવાન ગણેશજીનો જન્મ દિવસ (પ્રાગટ્ય દિવસ) છે. આ પર્વ મુખ્યત્વે માઘ મહિનાના શુક્લ પક્ષની ચતુર્થી તિથિએ ઉજવવામાં આવે છે. મુંબઈમાં તો ઘણા ઘરોમાં દોઢ દિવસના શ્રી ગણેશ બેસાડવામાં આવે છે તો સાર્વજનિક રીતે 10 દિવસ ઉત્સવ ચાલે છે. તે હવે સુરતમાં પણ શરૂ થયું છે. માધી ગણેશ ઉત્સવની શરૂઆત 22 જાન્યુઆરીથી થશે. જેની ઉજવણી વિશે આપણે જાણીએ.......






### મુંબઈથી 10 ફૂટની ગણેશજીની મૂર્તિઓનું ભવ્ય હશે આગમાન

બાલાજી રોડ અને લીમડા ચોક વચ્ચેની ગલીમાં 10 ફૂટની શ્રી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. શ્રવિલ માસ્ટરે જણાવ્યું કે, બાલાજી યુવક મંડળ, લીમડા ચોક બાલ ગણેશ, સ્માર્ટીગ્રુપ લીમડાચોક ગ્રુપના યંગસ્ટર્સ દ્વારા છેલ્લાં ચાર વર્ષથી માધી ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. મુંબઈથી તિરુપતિ બાલાજીના સ્વરૂપમાં ગણેશજીની મૂર્તિ 17 જાન્યુઆરીએ લાવવામાં આવશે. આગમનમાં DJ, ઢોલ પથકની ધૂમ રહેશે. ગણેશજીની મૂર્તિ સાથે આખું સ્ટ્રક્ચર 22 ફૂટ લાંબુ અને પહોળાઇ 15-16 ફૂટની રહેશે. પંડાળનું ભવ્ય ડેકોરેશન યુનિક થીમ પર કરવામાં આવશે. 24 તારીખે મુંબઈનું બેન્જો બોલાવવામાં આવશે. અનાથાશ્રમના બાળકોને દર્શન માટે અહીં લઈ આવવામાં આવશે. 26 તારીખે વિસર્જનમાં નાસિક ઢોલ બોલાવવામાં આવશે. ગયા વર્ષે ગણેશજીની પ્રતિમા રામ ભગવાનની થીમ પર લાવવામાં આવી હતી. આજ રીતે માધી ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન કરાશે.

### પાલ સિદ્ધિવિનાયક મંદિરમાં 13 વર્ષથી માધી ગણેશ ઉત્સવનું આયોજન થાય છે

પાલ સિદ્ધિવિનાયક મંદિરમાં ગણેશજીની જે પ્રતિમા વિરાજમાન છે તે મુંબઈમાં સિદ્ધિવિનાયક મંદિરમાંની મૂર્તિની પ્રતિકૃતિ છે. આ મંદિરન સાથે સંકળાયેલા નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, માઘ મહિનામાં આ ગણેશ પર્વ ઉજવાય છે જેને તિલકુંડ ચતુર્થી પણ કહેવાય છે. મંદિરમાં 10 દિવસ આ ઉત્સવ ઉજવાય છે. રોજ ભગવાનને અલગ અલગ ફૂલો જેમકે, જાસૂદ, કરેણ, દુર્વાથી અર્ચન થાય છે. ભગવાનને ફુલોનો શણગાર કરાય છે. રોજ અલગ અલગ મુકુટથી મૂર્તિને સુસજ્જીત કરાય છે. એક દિવસ સુવર્ણ મુકુટ તો એક દિવસ ચાંદીના મુકુટ તો ભક્તો પુષ્પોના મુકુટ લાવે તેનાથી સુસજ્જિત કરાય છે. શ્રી ગણેશ બુદ્ધિના દેવતા ગણાય છે એટલે કોલેજના વિધાર્થીઓની સંખ્યા આ ઉત્સવ પર મંદિરમાં વધી જાય છે. તેઓ ભગવાનની



અર્ચના કરીને પછી ભણવા જાય છે.

### ઢોલ-મંજીરા સાથેની મહારાષ્ટ્રીયન ટ્રેડિશનલ આરતી, છેલ્લે દિવસે રાસ ગરબા



સોની ફળિયા હિન્દૂ મિલન મંદિરની ગલીમાં 7 વર્ષથી માધી ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. સુરતમાં માધી ગણેશ ઉત્સવની શરૂઆત વિશાલ સોની દ્વારા અહીંથી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ગણેશજીની મૂર્તિ મુંબઈના મૂર્તિકારો પાસે રેડી કરી સુરત લાવવામાં આવે છે અને પછી તેઓ જાતે મૂર્તિને રંગરોગાન કરે છે. ગયા વર્ષે ત્રિશૂન્ડ મયુરેશ્વરના સ્વારૂપમાં ગણેશજીની મૂર્તિ તૈયાર કરવામાં આવી હતી. આ વખતે સિંદૂર કલરમાં મહેંદી અને આભુષણોથી લદાયેલી ભગવાનની વૈભવશાળી સ્વરૂપમાં મૂર્તિ રહેશે. 5 દિવસ મહારાષ્ટ્રીયન ટ્રેડિશનલ ઢોલ અને મંજીરા સાથે આરતી 7 વર્ષથી કરાય છે. મહારાષ્ટ્રીયન ગ્રુપ આ આરતી કરવા આવે છે. હવેલીની થીમ રાખવા સાથે 5 દિવસમાં વિવિધ પ્રોગ્રામમાં 108 દિવાની આરતી, ગણેશ યજ્ઞ, ભજન સંધ્યા અને છેલ્લે દિવસે સાંસ્કૃતિક રાસ ગરબાનું આયોજન કરાશે.




### દોઢ દિવસના ગણેશજી બેસાડવામાં આવે છે, મગદલ્લામાં કરાય છે વિસર્જન

વિવેક શાહે જણાવ્યું કે તેમના દ્વારા ત્રણ વર્ષથી સીટી લાઈટ વિસ્તારમાં અશોક પાન પાસેની બિલ્ડીંગ નીચે માધી ગણેશ ઉત્સવનું આયોજન કરાય છે. આ વખતે 2થી અઢી ફૂટની માટીની ગણેશજીની પ્રતિમા મુંબઈથી લાવવામાં આવશે. દોઢ દિવસના ગણેશજી બેસાડવામાં આવશે. મૂર્તિનો ભવ્ય શણગાર જવેલરી, વસ્ત્રોથી કરવામાં આવશે. આગમનમાં ધામધૂમ નથી કરતા પણ 20x20ના પંડાળને લાઈટીંગથી ભવ્ય સજાવટ અપાય છે. 23 તારીખે વિઘ્નહર્તાનું વિસર્જન મગદલ્લાના દરિયામાં કરાશે. તેઓ બાળપણથી ગણેશજીના ભક્ત છે એટલે ભગવાનની અર્ચના માટે જ તેઓ માધી ગણેશ ઉત્સવનું આયોજન પોતાના સ્વાભંડોળથી કરે છે.




'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

# વિદેશીઓ સંગ ઉજવીશું અમે પતંગમહોત્સવ પણ રહેશે એ જ દોરી અને એ જ પતંગ




દર વર્ષે થાય છે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ પણ નથી હોતું તેમાં કશું ઈન્ટરનેશનલ, વિદેશીઓ આવે છે અને પતંગ ઉડાડે છે, પરંતુ મોટાભાગે રહે છે એ જ જુની ડિઝાઈનની પતંગો.. ક્યાંક પતંગ ચગે છે અને ક્યાંક ફિરકી રખડે છે... ટૂંકા વસ્ત્રોમાં વિદેશીઓ કાઈટની ફાઈટ કરાવે છે અને સહેલાણીઓને મજા આવે છે... વખણાય છે સુરતી માંજો છતાં પતંગ મહોત્સવમાં વપરાય છે પોતાનો જ માંજો... વપરાય છે રકમ લાખોની પણ નથી આવતી એટલી મજા ચગાવવાની...